## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગમાં ભવ્ય તિરંગા યાત્રા નીકળી


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકા વહીવટી તંત્ર દ્વારા આઝાદીના ૭૯મા વર્ષ અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. ધારાસભ્ય રિતેશ વસાવા અને અન્ય મહાનુભાવોએ ધ્વજ લહેરાવી એમ.એમ.ભક્ત હાઈસ્કૂલથી યાત્રા પ્રસ્થાન કરાવી હતી, જેમાં ૧૫૦૦થી વધુ નાગરિકો, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને પોલીસ જવાનો જોડાયા હતા. દેશભક્તિના જયઘોષ સાથે યાત્રા ચાર રસ્તા થઇ મામલતદાર કચેરીએ પૂર્ણ થઇ હતી.

### વ્યાવલ અને સરવાળા ગ્રામ પંચાયતમાં કથિત ભ્રષ્ટાચાર મુદ્દે તપાસની માંગ



કુકરમુંડા: નિઝરના વ્યાવલ અને સરવાળા ગ્રામ પંચાયતમાં વર્ષ-2022થી 2025 દરમિયાન રેતી-કંકર ગ્રાન્ટ તેમજ અન્ય વિકાસકામોમાં કથિત ગેરરીતિ અને નાણાકીય ગેરવહીવટ મુદ્દે તાપી જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં વ્યાવલ પંચાયતના રૂ.7 કરોડ અને સરવાળાના રૂ.4 કરોડનાં કામો તથા ચૂકવણીઓ સામે ગંભીર સવાલો ઉઠાવી ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરાઈ છે. ખાસ કરીને અનુજ એન્ટરપ્રાઇઝ, અનુજ મજૂર મંડળી અને દેવાળા મજૂર મંડળીના નામે થયેલાં કામો, બિલો, માપપોથી અને બેંક વ્યવહારો ચકાસવા વિનંતી કરાઈ છે. જો ગેરરીતિ સાબિત થાય તો દોષિતો સામે એફઆઈઆર સહિત કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરાઈ છે.

### બારડોલીમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા નીકળી



બારડોલી: સ્વાતંત્ર્ય પર્વ અને 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણીના ભાગરૂપે બારડોલી નગરમાં એક વિશાળ અને ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ તિરંગા યાત્રા બારડોલીના ધારાસભ્ય ઈશ્વર પરમાર, સુરત જિલ્લા પોલીસ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસોથી યોજવામાં આવી હતી. યાત્રામાં પદાધિકારીઓ, વહીવટી અધિકારીઓ અને પોલીસ જવાનો સાથે મોટી સંખ્યામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય નગરજનો હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને ગર્વભેર જોડાયા હતા.

### ઉચ્છલના નારણપુરમાં GIDC પ્રોજેક્ટનો વિરોધ



વ્યારા: ઉચ્છલના નારણપુર ગામે સરકારી પડતર જમીનમાં GIDC પ્રોજેક્ટ સામે ગ્રામજનોમાં વિરોધનો સૂર ઊઠ્યો છે. તંત્ર દ્વારા ગ્રામસભાની મંજૂરી વિના જ ગામમાં GIDC પ્રોજેક્ટ લાવવા માટે મંજૂરી આપી દીધી હોવાના આક્ષેપ સાથે ગામના લોકોએ ઉચ્છલ મામલતદારને આવેદનપત્ર આપી GIDC પ્રોજેક્ટનો વિરોધ કર્યો હતો. નારણપુર ગામમાં GIDC પ્રોજેક્ટને તાત્કાલિક ધોરણે રદ કરવાની પ્રબળ માંગ કરી હતી. GIDC પ્રોજેક્ટને કારણે ગામમાં ગરીબ આદિવાસીઓની ફળદ્રુપ ખેતીની જમીન સહિત હવા, પાણી અને અવાજના પ્રદૂષણ ઉપરાંત ગામની જીવન શૈલીમાં ફેરફાર થવા, લોકોનાં આરોગ્ય સંબંધિત સમસ્યાઓ પર ઊભી થવા સહિત 10 જેટલી ઉદભવનારી સમસ્યાનો આવેદનપત્રમાં ઉલ્લેખ કરી GIDC પ્રોજેક્ટને રદ કરવાની માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે. તેમજ આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં ન આવે તો આંદોલન કરવાની ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે.

### બગુમરામાં પિસ્તોલ સાથે એક ઝડપાયો



પલસાણા: બગુમરાની મહાદેવ રેસિડેન્સીમાંથી રાહુલ જગદીશભાઈ શર્મા (ઉં.વ.૨૨)ને પોલીસે રૂ. ૨૦,૦૦૦ની દેશી પિસ્તોલ અને મોબાઈલ મળી કુલ ૨૫,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં આ હથિયાર યુપીના મિત્ર વિનય વર્મા પાસેથી લાવ્યાનું ખૂલતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી પલસાણા પોલીસ મથકે કાર્યવાહી હાથ ધરી છે.

### કુકરમુંડામાં આધેડ ગુમ



કુકરમુંડા: કુકરમુંડાના શ્રીરામ ચોકમાં રહેતા ૫૭ વર્ષીય ભગવાનભાઈ સેંદાણે ૧૩ ઓગસ્ટે સલૂને જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઈ ગયા છે. પુત્ર ચેતનની ફરિયાદને આધારે કુકરમુંડા પોલીસે ગુમ જાણવા જોગ નોંધી શોધખોળ શરૂ કરી છે.

### લુણામાં કપાસના ખેતરમાં જુગાર રમતા 4 જુગારી ઝડપાયા



ભરૂચ: ભરૂચ LCB પોલીસે લુણાથી સોડગામ જતા રસ્તે કપાસના ખેતરના શેઢા પર દરોડો પાડી મધરાત્રે ટોર્ચના અજવાળે પત્તાનો જુગાર રમતા ૪ ઇસમ વિજય શર્મા, અજય વસાવા, જસવંત વસાવા અને અક્ષય વસાવાને ઝડપી પાડ્યા હતા. બાતમીના આધારે કરાયેલી રેડ દરમિયાન ૩ ઇસમ અજય ગંભીર વસાવા, ભુલા વસાવા અને બીપીન વસાવા અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ જતાં તેમને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.૧૩,૭૦૦ અને ૩ મોબાઇલ મળી કુલ રૂ.૩૦,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. વાલિયા પોલીસ મથકે કુલ ૭ ઇસમ સામે ગુનો નોંધી તપાસ આદરી છે.

### અંકલેશ્વરમાં ખાડીમાં મગર દેખાયો


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર ભરૂચ મુખ્ય માર્ગ પર ખાડીમાં મગર દેખાતા લોકોમાં ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો. ખાડીમાં મગર નજરે પડતાં માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોએ પોતાના વાહનો રસ્તાની બાજુએ ઊભા રાખ્યા હતા. મગરને જોવા માટે લોકો ટોળે વળ્યા હતા અને અનેક લોકોએ મોબાઇલમાં મગરના વિડીયો તથા તસવીરો ઉતારી હતી.

# કીમ પોલીસ સ્ટેશનનો બીટ જમાદાર અજીત ભોકળવા સસ્પેન્ડ

**કીમ** પોલીસ સ્ટેશનના પીઆઇ પી.સી. સરવૈયાને સસ્પેન્ડ કરાયા બાદ વધુ એક ભેરવાયો



કીમ: કીમ પોલીસ મથકની હદમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા પાડવામાં આવેલા દરોડા બાદ કીમ પોલીસ સ્ટેશનના ટાઉન બીટ જમાદાર અજીત ભોકળવા સામે ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ સસ્પેન્શનનો હુકમ કરતાં સ્થાનિક પોલીસ તંત્રમાં ખળભળાટ મચ્યો છે.

મળતી માહિતી મુજબ તા.૨૨ જૂનના રોજ SMCની ટીમે કીમ પોલીસ સ્ટેશનની હદમાં બાતમીના આધારે દરોડો પાડી રૂ.૧૯ લાખનો વિદેશી દારૂ તેમજ વાહનો અને અન્ય સામાન સહિત કુલ રૂ.૫૫ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે મુખ્ય બુટલેગર સહિત અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

સ્થાનિક પોલીસની હખો રૂપિયાનો દારૂનો જથ્થો અને બુટલેગરોનું નેટવર્ક સક્રિય હોવા છતાં તેની જાણ સ્થાનિક પોલીસને કેમ ન થઈ એ મુદ્દે સવાલો ઊભા થયા હતા. પ્રોહિબિશનની અમલવારી, અસરકારક પેટ્રોલિંગ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર નિયંત્રણમાં બેદરકારી અંગે ઉચ્ચ અધિકારીઓ દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.

આ અહેવાલના આધારે કીમ પોલીસ સ્ટેશનના ટાઉન બીટ જમાદાર અજીત ભોકળવા સામે શિસ્ત ભંગની કાર્યવાહી હાથ ધરી તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. કીમ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.સી.સરવૈયાને સસ્પેન્ડ કરાયા બાદ વધુ એક પોલીસકર્મી સામે કાર્યવાહી થઈ છે. જિલ્લા પોલીસ વડાના આ નિર્ણયથી પોલીસ તંત્રમાં ફરજ પ્રત્યેની જવાબદારી અને પ્રોહિબિશનની અમલવારીને લઈને કડક સંદેશો ગયો છે.

## રાજપીપળામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

રાજપીપળા: રાજપીપળા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સોઢલીયા અને શહેરાવ ગામ વચ્ચેથી એ.એચ.ટી.યુ. અને એલ.સી.બી. નર્મદા પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડી ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે જુગાર રમતા ૫ ઈસમને ઝડપી પાડ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી ઈન્દ્રસિંહ મોરી, રાજેન્દ્રસિંહ રાઠોડ, રણવીરસિંહ માત્રોજા, નરેન્દ્રસિંહ બારડ અને ધરમપાલસિંહ બારડને રંગેહાથ પકડ્યા હતા. આરોપીઓ પાસેની અંગજડતીમાંથી રોકડા રૂ. ૩,૧૦૦, દાવ પરથી રોકડા રૂ. ૧,૦૬૦ અને પત્તા-પાના મળી કુલ રૂ. ૪,૧૬૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પ્રસૂતિની રજાનો લાભ લઈ મોટીએ નાની બહેનની ઓળખ ચોરી લીધી!

**બોગસ** સર્ટિ.ના આધારે ઉકાઈ થર્મલમાં નોકરી મેળવનારી મહિલા સામે ગુનો દાખલ કરવા સોનગઢ કોર્ટનો આદેશ



સોનગઢ: સોનગઢ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ અને કડક હુકમ કરીને ગેરરીતિ આચરી બોગસ સરકારી ઓળખપત્રના આધારે ઉકાઈ થર્મલ પાવર સ્ટેશનમાં નોકરી મેળવનારી મહિલા વિરુદ્ધ ફોજદારી ગુનો દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

બનાવની વિગતો મુજબ ઉકાઈની આદિવાસી મહિલા શાંતિબેન નપુરીયાભાઈ ગામીત ૧૯૮૨થી ૧૯૮૬ દરમિયાન થર્મલ પાવરમાં રોજમદાર શ્રમિક તરીકે ફરજ બજાવતાં હતાં. બાદ તેમને છૂટા કરાતાં મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. દરમિયાન ૧૯૮૬માં પીડિતા પ્રસૂતિ સારવારમાં હોવાનો લાભ લઈ તેમની મોટી બહેન સીમીબેને યુનિયન લીડરોની મિલીભગતથી બોગસ અને ખોટા સરકારી ઓળખપત્રો ઊભા કર્યા હતા. મોટી બહેને નાની બહેન શાંતિબેનનું નામ ધારણ કરી ગેરકાયદે રીતે નોકરી મેળવી લીધી હતી. લાંબા સમય બાદ પીડિતા અને તેના પુત્ર અનિલ ગામીતે આર.ટી.આઈ. દ્વારા માહિતી મેળવતાં મોટો ઘટસ્ફોટ થયો હતો. સત્ય બહાર આવતાં પીડિતાએ મુખ્યમંત્રી, કલેક્ટર, ડી.એસ.પી. તેમજ ઉકાઈ પોલીસ સ્ટેશન સહિત અનેક ઉચ્ચ કચેરીઓમાં લેખિત ફરિયાદો કરી હતી. પરંતુ લાંબી દોડધામ છતાં પોલીસે ફરિયાદ દાખલ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આખરે ન્યાય માટે પીડિતાએ સોનગઢના એડ્વોકેટ રાકેશ કે. બધેકા મારફતે સોનગઢ કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટના આદેશથી ઉકાઈ પોલીસે તપાસ હાથ ધરી હતી અને તપાસમાં ગુનો બનતો હોવાનું સ્વીકાર્યું હતું. આ રિપોર્ટના આધારે સોનગઢ કોર્ટના જજ એમ.ડી. પરમારે કડક રૂખ અપનાવી આરોપી મોટી બહેન વિરુદ્ધ ગુનો નોંધવાનો હુકમ કર્યો છે.

# નાહિયેરમાં મંદિર નિર્માણના નામે રૂ.૩૧ લાખની છેતરપિંડી

**ઈડરના** સોમપુરાબંધુ સામે ફરિયાદ નોંધાઈ

ભરૂચ: આમોદ તાલુકામાં આવેલા નાહિયેર ગુરુકુળમાં સ્વામીનારાયણ સંસ્કાર ભવન મંદિરના નિર્માણ કામમાં રૂ.૩૧ લાખથી વધુની રકમની છેતરપિંડી અને વિશ્વાસઘાતનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ગુરુકુળના મેનેજિંગ ટ્રસ્ટી દ્વારા ઈડરના બે વેપારી સામે આમોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર નાહિયેર સ્થિત 'શ્રી સ્વામીનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ'ના મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી ભક્તિસ્વરૂપદાસજીએ આમોદ પોલીસ સ્ટેશનમાં સાબરકાંઠાના ઈડરના 'માંગલ્ય ટેમ્પલ પ્લાનિંગ એન્ડ કન્સ્ટ્રક્શન' પેઢીના પ્રોપરાઈટર નંદીશભાઈ મનહરભાઈ સોમપુરા (રહે., બાપા સીતારામ નિવાસમ, કૃષ્ણનગર, ઈડર) અને કિશનભાઈ મનહરભાઈ સોમપુરા (રહે., બાપા સીતારામ નિવાસમ, કૃષ્ણનગર, ઈડર) સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર ગુરુકુળ કેમ્પસમાં શ્રી સ્વામીનારાયણ સંસ્કાર ભવન મંદિરના નિર્માણ માટે પથ્થર સપ્લાય, ઘડાઈ અને ફિટિંગના કામ અર્થે આ સોમપુરાબંધુઓ સાથે કરાર કરવામાં આવ્યો હતો. ટ્રસ્ટ દ્વારા તેઓના ખાતામાં એડ્વાન્સ અનામત પેટે રૂ.૩૧,૦૦,૦૦૦ ઉપરાંત કામ મુજબ કુલ રૂ.૫,૨૪,૬૫,૪૭૦ જેટલી રકમ અલગ-અલગ તારીખે બેંક દ્વારા ચૂકવવામાં આવી હતી. જોકે, આરોપીઓએ છેલ્લા ત્રણ મહિનાથી મંદિરનું કામ અચાનક બંધ કરી દીધું હતું. ટ્રસ્ટ દ્વારા પથ્થરો પૂરા પાડવા અથવા એડ્વાન્સ પેટે લીધેલા પૈસા પરત માંગતાં આરોપીઓએ નાણાં પરત આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી અને અનામતના પથ્થર મટિરિયલ પણ આપ્યાં નહોતાં. આમ, બંને આરોપીએ વેપારી તરીકે એકબીજાની મદદગારી કરી ટ્રસ્ટ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાનું સામે આવતાં આમોદ પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રોઝા ટંકારીયા પાસે અકસ્માતમાં અંભેટા ગામના યુવકનું મોત

આમોદ, ભરૂચ: વાગરાના અંભેટા ગામના ૪૨ વર્ષીય વિજય લક્ષ્મણ પરમાર ગેસનું કે.વાય.સી. (KYC )કરાવવા માટે આમોદ તરફ આવી રહ્યા હતા. ત્યારે સવારે ૯ કલાકે રોઝા ટંકારિયા ગામ પાસે વળાંક ઉપર એક કન્ટેનર ટ્રક ચાલક નામે જાહુલ હુસૈન ઝુબેર (રહે.,જલ્લીવાસ જીમાવત, મેવાત પૂહના હરિયાણા) નામના ચાલકે ટ્રક પૂરઝડપે હંકારી અંભેટા ગામના બાઈક ચાલક વિજય લક્ષ્મણ પરમારને અડફેટે લેતાં તેનું મોત થયું હતું. અકસ્માત બાદ ચાલક ટ્રક ઘટના સ્થળે જ મૂકી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં આમોદ પોલીસે મૃતદેહનો કબજો મેળવી સામૂહિક આરોગ્ય કેન્દ્ર આમોદ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો.

## ભરૂચ જિલ્લામાં સામાન્ય વરસાદ

ભરૂચ: ભરૂચ જિલ્લામાં શુક્રવારે પાંચ તાલુકામાં ઝરમર વરસાદ પડ્યો હતો. ૧૪ કલાકના સમયગાળા દરમિયાન સૌથી વધુ ૫ મિલીમીટર વરસાદ ભરૂચ અને ઝઘડિયા તાલુકામાં નોંધાયો છે. જંબુસરમાં ૩ મિલીમીટર, જ્યારે આમોદ અને નેત્રંગમાં ૧-૧ મિલીમીટર વરસાદ પડ્યો હતો.

## તાપી જિલ્લામાં સતત બીજા દિવસે ઝરમર વરસાદી માહોલ

વ્યારા: વ્યારા સહિત અનેક વિસ્તારોમાં ગતરોજ સતત બીજા દિવસે વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટોછવાયો ઝરમર વરસાદનો માહોલ જોવા મળ્યો હતો. ઝરમર ઝરમર વરસાદી માહોલ રહેતાં વાહનચાલકોને રેઈનકોટ પહેરીને નીકળવાની ફરજ પડી હતી. તેમજ વરસાદી માહોલ રહેતાં ડાંગર સહિતના પાકને રાહત મળી હતી.

# ગોડસંબા સેવા સહકારી મંડળીના હોદ્દેદારો વરાયા

**પ્રમુખ** તરીકે બાલુભાઈ પટેલની પુન: વરણી



માંડવી: ધી ગોડસંબા વિભાગ મોટા કદની ખેડૂતોની સેવા સહકારી મંડળી લિ.ની 120મી વાર્ષિક સભા અમલસાડી ખાતે સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના ડિરેક્ટર નરેન્દ્રસિંહ મહિડાના અધ્યક્ષ સ્થાને ઉત્સાહભેર યોજાઈ હતી. સભા દરમિયાન અધ્યક્ષે ઉપસ્થિત ખેડૂત સભાસદોને બેંકની સહકારી કામગીરી અંગે વિસ્તૃત ચિતાર આપ્યો હતો. મેનેજર મુકેશભાઈ ચૌધરી દ્વારા એજન્ડાનું વાંચન કરવામાં આવ્યું હતું. તેમણે મંડળીની વાર્ષિક પ્રગતિ રજૂ કરતાં જણાવ્યું હતું કે, મંડળીએ વર્ષ દરમિયાન રૂ.7 લાખનો ચોખ્ખો નફો હાંસલ કર્યો છે. તેમજ સભાસદોને રૂ.5 કરોડથી વધુનું ધિરાણ પૂરું પાડી આર્થિક સંબળ પૂરું પાડ્યું છે. ત્યારબાદ મંડળીના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે સેવાભાવી ખેડૂત અગ્રણી બાલુભાઈ ગેમલભાઈ પટેલની પુનઃ પસંદગી કરવામાં આવી હતી. તેઓ છેલ્લાં આશરે 25 વર્ષથી મંડળીના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. જ્યારે ઉપપ્રમુખ પદે મનોજભાઈ ગોમનભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરાઈ હતી. આ સમગ્ર વહીવટી પ્રક્રિયામાં મંત્રી તરીકે ભાવિનભાઈ પટેલ અને મેનેજર તરીકે મુકેશભાઈ ચૌધરીએ મહત્ત્વની જવાબદારી સંભાળી હતી. સભામાં જિ.પં. બાંધકામ સમિતિના અધ્યક્ષ નીરવભાઈ લાડ, શંકરભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલેજમાં ચિકન રોલ ખાધા બાદ કિશોરનું મોત

**પરિવારના** ત્રણ સભ્યોની તબિયત પણ લથડી

**લાઇસન્સ** વગર ચાલતી સાગર હોટલ ફૂડ વિભાગે બંધ કરાવી



ભરૂચ: પાલેજ વિસ્તારમાં ચિકન રોલ ખાધા બાદ એક 14 વર્ષીય કિશોરનું સારવાર દરમિયાન મોતની આશંકાથી વિસ્તારમાં સળવળાટ ઊભો થયો છે. આ જ ભોજન લીધા બાદ પરિવારના અન્ય ત્રણ સભ્યની તબિયત પણ બગડતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પાલેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે, જ્યારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે લાઈસન્સ વગર ચાલતી સાગર હોટલ બંધ કરાવી દીધી છે. મૃતક 14 વર્ષીય પૂર્વ કુમાર અંકિતભાઈ પટેલ સાસરોદ ગામે રહીને ધોરણ-6માં અભ્યાસ કરતો હતો. ગત 8 ઓગસ્ટે સાંજે પૂર્વ કુમાર અને તેની બહેન મોનિકા પાલેજના આમલી સ્ટેન્ડ નજીક આવેલી સાગર હોટલમાંથી ચાર ચિકન રોલ લઈને ઘરે ગયાં હતાં. પરિવારના ચાર સભ્ય પૂર્વ કુમાર, તેની બહેન, માતા અને પિતાએ આ ચિકન રોલ ખાધાં હતાં. તા.9 ઓગસ્ટે ચારેય સભ્યોને ઝાડા અને ઊલટી થઈ હતી. રવિવારે તમામે ઘરે જ સારવાર લીધી હતી. જોકે, તા.10 ઓગસ્ટે સવારે તમામની તબિયત વધુ બગડતાં તેમને પાલેજ સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. પૂર્વ કુમારની હાલત ગંભીર હોવાથી તેને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં પણ સુધારો ન થતાં તેને વડોદરાની SSG હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન તેણે દમ તોડી દીધો હતો. ફૂડ અધિકારી અશોક રાઠવાએ ટેલિફોનિકમાં જણાવ્યું હતું કે, હોટલ દ્વારા પાર્સલ આપવામાં આવ્યું હતું અને ઘટના બાદ સારવારમાં વિલંબ થયો હોવાની વાત સામે આવી છે. જેની તપાસ હજુ ચાલુ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરપાડા કોલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ


વિનોદ મૈસુરીયા

વાંકલ: સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ઉમરપાડા ખાતે આચાર્ય પ્રા.સુરેશભાઈ બાગુલના માર્ગદર્શન હેઠળ 'સક્ષધારા' અંતર્ગત સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરાઈ હતી. દેશપ્રેમ અને સંસ્કૃતિને ઉજાગર કરવા રંગોળી, મહેંદી અને કેશગૂંફન જેવી વિવિધ સર્જનાત્મક સ્પર્ધાઓ યોજાઈ હતી. કો-ઓર્ડિનેટર ડો.જશુબેન પરમારના પ્રોત્સાહનથી B.A., B.Com. અને B.Sc.ના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ પોતાની કળા રજૂ કરી હતી. અધ્યાપકોએ તટસ્થ નિર્ણાયક તરીકે ફરજ ભજવી હતી. અંતમાં આચાર્યએ તમામ વિજેતાઓ અને સ્ટાફગણને અભિનંદન પાઠવ્યાં હતાં.

### તાતીથૈયામાં આધેડ ભેદી સંજોગોમાં ગુમ

પલસાણા: તાતીથૈયાની ગોકુલધામ વિલા સોસાયટીમાં રહેતા 51 વર્ષીય શંભુશરણ કુશવાહ 9 ઓગસ્ટની રાત્રે પરિવારને કહ્યા વગર ગુમ થઈ ગયા છે. સગા-સંબંધીઓમાં શોધખોળ છતાં કોઈ પત્તો ન મળતાં, તેમની પત્ની સુનીતાદેવીએ કડોદરા GIDC પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.

### હાંસોટમાં કારમાંથી દારૂ ઝડપાયો

ભરૂચ: હાંસોટના અણીયાદ્રા ગામ નજીક પોલીસે પીછો કરતાં એક સ્વિફ્ટ કાર નં.(GJ-16 BK 1770) ઝાડ સાથે અથડાઈ હતી. પોલીસે કારમાંથી રૂ.૨૨,૦૦૦ની કિંમતનો ૧૧૦ લિટર દેશી દારૂ અને કાર મળી કુલ રૂ.૨,૨૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અંધારાનો લાભ લઈ ફરાર થયેલા ત્રણ ઈસમ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### અંકલેશ્વરમાં આર્મ્સ એક્ટનો આરોપી પકડાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદ્રા ખાતેથી ખોટા હથિયાર પરવાના આધારે ગનમેન તરીકે નોકરી કરતા ધર્મેન્દ્રસિંઘ રાઠોડની પોલીસે અગાઉ ધરપકડ કરી હતી. પોલીસે બંદૂક અને પાંચ કારતુસ મળી કુલ 20 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં વોન્ટેડ આરોપી ત્રિભુવનસિંઘ ઉર્ફે બીજેન્દ્રસિંઘ ચૌહાણને પણ પોલીસે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં વ્હીલચેર વિતરણ કાર્યક્રમ

અંકલેશ્વર: અંકલેશ્વરમાં જેસીઆઈ અને સહયોગી સંસ્થા દ્વારા વડોદરા ડિવિઝનના વિવિધ રેલવે સ્ટેશન પર 100 જેટલી વ્હીલચેર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. "A Step Towards Dignity, A Step Towards Humanity"ના સંદેશ સાથે યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમમાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં JCI ઝોન પ્રેસિડેન્ટ લલિત બાલદાણિયા, પ્રેસિડેન્ટ ભાવિન હિરાણી, JAC ચેરમેન કમલેશ પંચાલ સહિત આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### અંકલેશ્વરમાં બાઈક ચોરીનો ભેદ ખૂલ્યો

અંકલેશ્વર: અંકલેશ્વર GIDC પોલીસ મથક વિસ્તારમાં સુરાગમ એન્ટરપ્રાઇઝ કંપનીના ગેટ બહારથી રૂ.40 હજારની કિંમતની બાઇક નં.(GJ-16-DL-6664) ગત 8 ઓગસ્ટે બપોરે ચોરાઈ ગઈ હતી. ગુનાની તપાસ દરમિયાન પોલીસે ઉત્તર પ્રદેશના મૂળ રહેવાસી હૃદયેન્દ્રમ રામનરેશ રામ (ઉં.વ.30)ની ધરપકડ કરી છે. તેમજ તેના સાથી શંભુ મેહદી મંડલની પણ પૂછપરછ હાથ ધરી છે.

### કીમ ચાર રસ્તા નજીક બે મુસાફરને રિક્ષાની સવારી મોંઘી પડી

હથોડા: પીપોદરાથી કીમ ચાર રસ્તા વચ્ચે રિક્ષામાં મુસાફરોને બેસાડી શિફતપૂર્વક મોબાઈલ તફડાવી લેવાની વધુ એક ઘટના સામે આવી છે. પીપોદરા જીઆઈડીસીમાં કામ કરતો ઉત્તર પ્રદેશનો વતની રીષભ ધનંજય સિંઘ અને અર્જુન હીરા રિક્ષામાં પીપોદરાથી કીમ ચાર રસ્તા તરફ આવી રહ્યા હતા. આ સમયે રિક્ષામાં અગાઉથી જ બેસેલા અન્ય સવારોએ 'અમને સરખી રીતે બેસવાનું ફાવતું નથી' તેમ કહી બહાનું કાઢી બંને યુવકને રિક્ષામાંથી નીચે ઉતારી દીધા હતા. રિક્ષામાંથી ઊતર્યા બાદ બંને યુવકોને ખ્યાલ આવ્યો હતો કે ચાલક અને તેના સાગરીતોએ નજર ચૂકવીને શિફતપૂર્વક તેમના મોબાઈલ ચોરી લીધા છે. આ ચોરી અંગે પાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યાં છે.